# Bi 121 Old Testament

## પાઠ : ૧૧ ઈસહાકનું કુટુંબ (ઉત્પત્તિ ૨૪-૨૫)

ઘડપણની વ્યાખ્યા શું હોઈ શકે ? જો તમે બાળક છો, તો ૨૧ વર્ષની ઉંમર ખૂબ જ મોટી લાગે અને ૩૦ વર્ષની ઉંમર તો ભૂતકાળ બની જાય. આજના જમાનામાં ૧૨૦ વર્ષ તો સૌથી મોટી ઉંમર કહેવાય. ઈબ્રાહિમની પત્ની સારાહનું જીવન આ પૃથ્વી પર ૧૨૭ વર્ષનું હતું અને પછી તે મરી ગઈ. ઈબ્રાહિમે એક ખેતર ખરીદ્યું, જેમાં એક ગુફા હતી, કે જે તેનું નવું વતન હતું અને ત્યાં તેણે પોતાની પત્ની સારાહને સન્માન સહિત દાટી.

ઈસહાક તેના માતાનાં મૃત્યુથી ખૂબ જ બેચેન બન્યો અને ઘણા દિવસો સુધી તેણે તેને માટે શોક મનાવ્યો. ઈબ્રાહિમને લાગ્યું કે હવે તેને પોતાનાં ૪૦ વર્ષનાં દિકરા ઈસહાકને માટે પત્ની શોધવાની જરૂર છે, કેમક જેથી તેના થકી "મસિહા" આવશે તે વચન પુર્ણ થાય. ઈબ્રાહિમને ડર હતો કે કયાંક તેનો પુત્ર ઈસહાક આજુબાજુમાં વસતા બિનયહુદી કનાની લોકોમાંથી કોઈ સ્ત્રી પસંદ કરીને પોતાની પત્ની બનાવે. તેથી ઈબ્રાહિમે પોતાનાં મ્ખ્ય વિશ્વાસુ ચાકરને ઈસહાકને માટે પોતાના સગાંમાંથી એટલે પોતાનાં જ કુળમાંથી પત્ની પસંદ કરવા માટે પાતાનાં દેશમાં મોકલ્યો. પોતાનાં સગા તેમ જ પોતાનાં જ કુળમાંથી ઈસહાક માટે પત્ની પસંદ કરવા માટે ઈબ્રાહિમ પોતાનાં ચાકરને સમ ખવડાવ્યા અને આમ ઈબ્રાહિમે પોતાનાં ચાકરને આશીર્વાદ આપતાં કહયું કે, "જે ઈશ્વરે મને અહિ લઈ આવ્યો છે તથા આ ભૂમિને વતન તરીકે આપી છે તે પોતાનાં દૂતને તારી આગળ મોકલશે અને તારા સર્વ માર્ગો પાધરા કરી તે તને દોરશે તથા ચલાવશે.

અને આમ ઈબ્રાહિમનો ચાકર ૧૦ ઉંટો કે જેના ઉપર ઈસહાકની ભવિષ્યની પત્ની તથા તેનાં કુટુંબીજનો માટે બધી જ પ્રકારની ભેટો લાદેલી હતી તે લઈને ચાલી નીકળ્યો. ઘણા દિવસોની મુસાફરી બાદ ચાકર મેસોપોટેમીયા પહોંચ્યો કે જયાં ઈબ્રાહિમનાં કુટુંબીજનો રહેતા હતા. તે એક ગામના છેવાડે એક ઝરણાં પાસે પહોંચ્યો અને પ્રાથના કરી કે, " હે ઈશ્વર, મારા માલિક ઈબ્રાહિમ પર દયા કર અને ઈસહાકને માટે યોગ્ય યુવતિ પસંદ કરવામાં મને મદદ કર." અને ત્યાર પછી તેણ વિચારીને પ્રાર્થનામાં ઉમેર્યુ, "હે ઈશ્વર, હું આ જુવાન કન્યાઓને મને પાણી પીવડાવવા માટે વિનંતી કરીશ. અને હું જાણીશકે એ યુવતી યોગ્ય હશે જે ફકત મને જ પીવાનું પાણી નહિ આપ, પરંતુ મારા બધા જ દસ તરસ્યા ઉંટોને પણ પાણી પીવડાવશે.

ચાકરે હજી તો પ્રાર્થના પુરી કે તે પહેલાં જ ઝરા આગળ રીબકાહ નામની જુવાન યુવતી આવી. તેનું સૌંદર્ય અજાયબ હતું. તેણે પોતાનું પાત્ર (વાસણ) ભર્યુ અને પાછી જવા લાગી. પરંતુ ચાકરે તેને અટકાવી અને કહયું, "હે યુવતી, શું તું કૃપા કરીને તારા ઘડામાંથી મને થોડું પાણી

પીવડાવીશ ?"

યુવતીએ ઉત્તર આપ્યો, "હા મારા મુરબ્બી, હું તમારા ઉંટો પણ જયાં સુધી તૃપ્ત ના થાય ત્યાં સુધી પાણી ખેંચીશ (પીવડાવીશ). જેમ જેમ યુવતી પાણી પીવડાવતી ગઈ તેમ તેમ ચાકરનુ હૃદય ખુશીથી અને ઈશ્વરની સ્તુતિ કરતાં ઉભરાઈ ગયુ. તેણે જાણ્યું કે ઈશ્વરે તેનો પ્રાર્થનાનો પ્રત્યુત્તર આપ્યો છે. તેણે મનમાં કહયું કે, "આજ એ યુવતી છે કે જેન ઈશ્વરે ઈસહાક માટે પસંદ કરી છે."

ચાકરે પોતાનાં સામાનમાંથી એક સોનાની નથણી (વાળી) તેમ જ સોનાની બે બંગડીઓ કાઢીને રિબકાહને આપી અને પૂછયું, "તું કોની દિકરી છે ? શું આજ રાત્ર તારા પિતાનાં ઘરમાં અમને રોકાવાની જગ્યા છે ? ત્યાર પછી તેણે જાણ્યું કે રિબકાહ તો ઈબ્રાહિમનાં ભાઈ નાહોરની પત્રી હતી.

રિબકાહ પિતાનાં ઘરે પહોંચ્યા પછી ચાકરે કુટુંબીજનોને તેનું ત્યાં આવવાનું પ્રયોજન (કારણ) જણાવ્યું, તેણે કહયું, "હું ઈબ્રાહિમનો ચાકર છું અને ઈશ્વરે મારા ધણીને ખૂબ જ આશીર્વાદિત કર્યો છે. તેની પત્ની સારાહને તેનાં ઘડપણમાં એક પુત્ર આપ્યો છે અને હવે મારા ધણીની બધી જ સંપત્તિ ઉપર તેનો હક છે. તેણે મને અહિ આવવા માટેનાં સમ ખવડાવ્યા જેથી હુ તેનાં દિકરા માટે પત્ની લઈ આવું. જયારે હું ઝરા પાસે પહોંચ્યો ત્યારે મેં પ્રાર્થના કરીને ઈશ્વર પાસે ચિહન માંગ્યુ. મને તેમ જ મારા બધા ઉંટોન માટે પાણી પીવડાવશે તે જ યુવતી મારા માલિકનાં દિકરાની પત્ની થશે. અને રીબકાહે તેમ જ કર્યું અને હું માન્ છ્ કે ઈશ્વરે આ જ યુવતીને ઈસહાકની પત્ની થવા સારુ પસંદ કરી છે.

"આ વાત ઈશ્વરથી નીકળી છે." એ બાબત બંને પક્ષે સ્વીકારી અને તેમણે કહયું કે," ઈશ્વરની ઈચ્છા અનુસાર અમારી દિકરી રિબકાહને તમારા માલિકનાં પુત્રની પત્ની થવા સારૂ તેને લઈ જઈ શકો છો."

અને આ સાંભળતા જ ચાકરે રિબકાહને માટે ઘણી ભેટો સોના, ચાંદીના ઘરેણાં તેમજ સુંદર વસ્ત્રો તથા તેના ભાઈ-બહેનો માટેની બીજી ઘણી મૂલ્યવાન ભેટો આપી.

બીજી સવારે, કુટુંબીજનોએ ખાતરી કરી કે રિબકાહ, ઈબ્રાહિમનાં પુત્રની સાથે લગ્ન કરવા ઈચ્છુક છે કે નહિ ? જો કે તેમનાં રીત રિવાજ પ્રમાણે આ એક વ્યવસ્થિત અને નકકી કરેલ લગ્ન હતું. છતાં પણ તેમણે રિબકાહની ઈચ્છાને જાણવાની તક તેને આપી અને તેઓએ કહયું કે, "શું તું આ ચાકર સાથે જવા રાજી છે કે કેમ ?" અને તેણે કહયું, "હા, હું જઈશ."

અને આમ જે પ્રમાણે ઈબ્રાહિમે ઈશ્વર પર વિશ્વાસ રાખીને પોતાનો દેશ છોડયો હતો, તે પ્રમાણે રિબકાહે પણ પોતાનું વતન છોડયું. તેનાં કુટુંબીજનોએ રિબકાહને આશાર્વાદ આપીને ભાવભીની વિદાય આપી અને તેને તથા તેની દાસીઓને ઈબ્રાહિમનાં દાસની સાથે મોકલી આપી. રિબકાહે જે યુવકની સાથે લગ્ન કરવાની સંમતિ આપી હતી તેને મળવા માટે હવે તેને સેંકડો

કિલોમીટરની મુસાફરી કરવાની હતી.

ઈસહાક, જયારે પોતાનાં ઘરની પાસેનાં ખેતરમાં સાંજે મનન કરી રહયો હતો ત્યારે તેણે ઘણાં ઉંટોને પોતાની પાસે આવતા જોયા. તે નાના કાફલાનું સ્વાગત કરવા બહાર નીકળ્યો. રિબકાહે ઈસહાકને પોતાની તરફ આવતો જોયો ત્યારે તેણે ચાકરને પૂછયું, ''આ ખ્બસુરત જુવાન, જે આપણને મળવા આવે છે તે કોણ છે ? ચાકરે જવાબ આપ્યો કે,''તે જ મારા માલિકનો પુત્ર ઈસહાક છે.'' ત્યારે રિબકાહે પોતાનું મોં પડદા પાછળ છૂપાવ્યું. ત્યારે ચાકરે, ઈશ્વરે જે કાઈ કર્યુ તથા તેને રિબકાહની સાથે મેળાપ કરાવ્યો તે અંગે ઈસહાકને વાત કરી. ત્યારે ઈસહાકે રિબકાહને પોતાની પત્ની તરીકે સ્વીકારી અને તેણે તેને પ્રેમ કર્યો. આમ, ઈસહાકે પોતાની માતાનાં મૃત્યુની અસરમાંથી દિલાસો મેળવ્યો.

હવે ઈબ્રાહિમ કટ્રાહ કરીને બીજી સ્ત્રીને પરણ્યો અને તનાથી તેને બીજા પુત્રો થયા. પરંતુ તે મૃત્યુ પામ્યો તે પહેલા બીજા પુત્રો કરતાં તેણે ઈસહાકને વધારે સંપત્તિ આપી. જયારે તે ૧૭૫ વર્ષની વયે મૃત્યુ પામ્યો ત્યારે ઈસહાક અને ઈસ્માઈલે તેને માખ્પેલાહની ગુફામાં દાટયો કે જે ગુફા તેણે હિત્તાઓ પાસેથી ખરીદી હતી.

લગભગ ૨૦ વર્ષ સુધી રિબકાહ વાંઝણી રહી અને તેને કંઈ સંતાન હતુ નહિ. ઈશ્વરે તેમનાં જન્મ અગાઉ ભવિષ્યવાણી ઉચ્ચારી હતી કે ''તારા ગર્ભમાં બે જાતિઓ છે. એક, બીજી જાતિ કરતા બળવાન થશે અને મોટો, નાનાની સેવા કરશ.'' જયારે તેઓ જન્મ્યા ત્યારે પ્રથમ બાળક લાલ તથા વાળ વાળું હતું તેણે તેનું નામ 'એસાવ' પાડયું, જેનોઅર્થ 'વાળથી ભરપૂર' એવો થાય છે. જયારે બીજુ બાળક, તેનાં ભાઈની એડી પકડીને જન્મ્યું, તેનં નામ યાકુબ પાડયુ, જેનો અર્થ ''એડી પકડનાર'' અથવા ''ઠગ'' થાય છે.

બીજો બાળક મોટો થયો ત્યારે એ ચબરાક શિકારી બન્યો કે જે રણમાં તથા જંગલોમાં પોતાનું જીવન વિતાવતો હતો. જયાર યાકુબ ઘરે રહેતો હતો. ઈસહાકને એસાવ અને તેની તોફાના હરકતો ગમતી હતી પરંતુ રિબકાહ, યાકુબનો પક્ષ લેતી ને તેને મદદ કરતી. એક દિવસ યાકુબ સ્વાદિષ્ટ શાક બનાવતો હતા ત્યારે એસાવ ખેતરમાંથી આવ્યો. તે સખત થાકેલો તેમજ ભૂખ્યો હતો તેથી તેણે યાકુબ પાસેનાં સ્વાદિષ્ટ શાકમાંથી થોડુંક માંગ્યુ. યાકબે કહયું, ''પહેલા તારા જયેષ્ઠપણા નો હકક મને આપ.''

ત્યારે અસાવે ઉત્તર આપ્યો કે,''જો હ઼ મરવા પડયો છું. હવે મારે મારા જયેષ્ઠપણાની શું જરૂર છે ?''

યાકુબે કહયું કે, '' જો હવે ચોકકસપણે આ સ્વાદિષ્ટ ભોજનનાં બદલામાં તું મને તારા જયેષ્ઠપણાનો હક સોંપે છે. અને તેણે તેમ કર્યુ. ત્યારે યાકુબે તેને થોડા રોટલી અને શાક પીરસ્યુ. અસાવે તે ખાધુ પીધુ અને ત્યાંથી નીકળી ગયો. અસાવ તેનાં જયેષ્ઠપણાના હકક્નું મૂલ્ય સમજયો નહિ.

આ વાર્તા એટલા માટે અગત્યની છે કે ઈશ્વરનાં સંકેતોને અથવા વચનને એક જ કુટુંબમાંથી આવતા લોકો કઈ દ્રષ્ટિથી મૂલવે છે ? વિશ્વાસથી ઈબ્રાહિમે પોતાનાં દિકરા ઈસહાક માટે પત્ની શોધવા સારૂ પોતાનાં ચાકરને મોકલ્યો. ચાકર અને રિબકાહે, તેમજ ઘરના અન્ય સભ્યોએ ઈશ્વરની યોજના પર ભરોસો રાખ્યો. યાકુબ તથા એસાવ બાબતે ઈશ્વરે કરેલી ઈચ્છાન પણ ઈસહાક સમજયો. બીજ ઈશ્વરની યોજનાને જાણતા હતો છતાં તેમણે ઈશ્વર પર ભરોસો રાખવા કરતાં પોતાની યોગ્યતા પર ભરોસો રાખ્યો. જે કે યાકુબ તેના પાછળનાં જીવનમાં ઈશ્વર પર વિશ્વાસ રાખવાનું શીખ્યો. આપણે જોઈ શીકીએ છીએ ક ઈબ્રાહિમ જેવો ભરોસો રાખ્યો તેવો ભરોસો રાખીને વિશ્વાસથી આપણે ઈશ્વરનાં વચનોને તથા આશીર્વાદને પામી શકીએ છીએ.

આ વાર્તાનું સત્ય એ છે કે જેઓ ઈશ્વરને તથા તેનાં વચનોને વિશ્વાસથી પોતાનાં જીવનમાં ગ્રહણ કરે છે તેઓ દ્વારા ઈશ્વર પોતાની યોજનાઓને પૂર્ણ કરે છે.

આ પાઠને ફરીથી યાદ કરવા માટે નીચેનાં પ્રશ્નોના જવાબ આપો.

પ્ર.૧ ઈબ્રાહિમ પોતાનાં ચાકરને પોતાનાં કુટુંબીજનો પાસે કયા કારણસર મોકલ્યો ?

(જ) (૫ સેકંડ માટે વિચારો) જો તમે કહો છો કે,- " ઈસહાક, કે જે વચનનો પુત્ર હતો તેનાં માટે પત્ની શોધવા સારૂ." તો તમારો ઉત્તર સાચો છે.

પ્ર.૨ ચાકરે કેવી રીતે જાણ્યું કે, કઈ યુવતી ઈસહાકની પત્ની તરીકે યોગ્ય ઠરશે ?

(જ) (૫ સેકંડ માટે વિચારો) જો તમે કહો છો કે,- " હું જાણીશ કે જે યુવતી મને પાણી પાશે તથા મારા દસ ઉંટોને પણ પાણી પાશે તે જ યોગ્ય યુવતી છે." તો તમારો ઉત્તર સાચો છે.

પ્ર.૩ ઈશ્વરે રિબકાહને તેનાં ગર્ભમાં ઉછેરી રહેલ જોડકાં બાળકો વિશે શું કહયું ?

(જ) (૫ સેકંડ માટે વિચારો) જો તમે કહો છો કે,- "તારા ગર્ભમાં બે દેશજાતિ ઉછરી રહી છે. એક જાતિ બીજી કરતાં બળવાન થશે તથા મોટો નાનાની સેવા કરશે." તો તમારો ઉત્તર સાચો છે.

તમારા બીજા મિત્રો કે જેમણે આ પહેલા કદી આ વાર્તા સાંભળી નથી તેમને આ વાર્તા સંભળાવો ત્યાર પછી આ પ્રશ્નોના ઉપર વિચાર કરો. ઈબ્રાહિમ અથવા યાકુબએ બે માંથી કોઈપણ પોતાની માતાની કૂખે પ્રથમ જન્મેલ બાળક નહોતાં, છતાં પણ ઈશ્વરે તેમને પ્રભુ ઈસુ ખ્રિસ્ત નાં ખ ાસ વંશજ તરીકે પસંદ કર્યા. ઈશ્વર આપણામાં રહેલી કઈ ખાસ વિશેષતાને પસંદ કરે છે ? ઈશ્વર એવા લોકોને શોધે છે કે જેઓ ઈશ્વર પર વિશ્વાસ રાખે.

આ અભ્યાસને તમે ત્રણ વખત સાંભળો તે તમારૂ ગૃહકાર્ય છે. તમારા મનથી દરેક પ્રસંગો વિચારો ત્યાર બાદ જે તમને યાદ રહયુ તે તમારા શબ્દોમાં વર્ણવો. આ ઘટનાઓ અને બનાવોને સાચી રીતે બીજાને કહી શકો ત્યાં સુધી બરાબર સાંભળો. લગભગ ૪૫ મિનિટ સુધી આ સાંભળવા નું ચાલુ રાખો. તમે કોઈક વ્યકિતને આ બાબત કહી શકવા માટે બીજા વ્યકિતની તમને જરૂરત પડશે. પુનરાવર્તનનાં પ્રશ્નો તમારા મિત્રોને પુંછોં અને સાંભળ્યા પછી તેમના જવાબો આપો.